


લોક વિજ્ઞાન કેન્દ્ર વડોદરાના દ્વારા આયોજિત

# અક્ષય ઉર્જા દિનની ઉજવણી (તા. 20/08/2021)

તજજ્ઞ ટીમ : (1) શ્રી દિનેશભાઈ ગાંધી (2) શ્રીમતી હર્ષાંગીની યાજ્ઞિક

## કાર્યક્રમનો ઉદેશ્ય

સારા જીવનના સ્વપ્ન કાજે, પર્યાવરણની રક્ષા કાજે,
ધરતીના સ્વાસ્થ્ય કાજે, ઉજળી આવતી કાલ માટે.

ભારતમાં દર વર્ષે 20 મી ઓગસ્ટ રોજ સ્વ. રાજીવ ગાંધીની યાદમાં અક્ષય ઉર્જા દિવસની ઉજવણી કરવામાં આવે છે જેનો મુખ્ય ઉદેશ્ય પુનઃપ્રાપ્ય ઉર્જાનો સંદેશ ઘરે ઘરે પહોંચે જેમાં સુર્ય ઉર્જા, પવન ઉર્જા, જળ ઉર્જા, ભૂ તાપીય ઉર્જા તથા ભરતી ઓટ ઉર્જાની ઓળખ કરી દૈનિક જીવનમાં ઉપયોગ કરતા થાય તેવી ઝુંબેશ ચલાવવી. તથા ઉર્જાના બિન જરૂરી વપરાશને ટાળવાનો છે જેથી ભવિષ્યમાં ઉર્જાના સ્ત્રોતોને બચાવી શકાય.

- ઉર્જાના નીતિમય અને શાણપણ ભર્યો ઉપયોગ કરી ઉર્જા સભાન, ઉર્જા શાણા સમાજના નિર્માણનો છે.
- આમ સમાજના લોકો ભોગ પ્રદાન પ્રવૃત્તિમાંથી પાછા ફરે અને પ્રકૃતિના ખોળે જીવન જીવતા થાય તથા ઉર્જાનો કરકસર ભર્યો ઉપયોગ કરે તેવા ઉમદા આશયથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.